સંદેશ , પાના નંબર :- ૨૮

તારીખ :- ૨૨/૦૯/૨૦૨૬

મેટ્રો નેટવર્કમાં સ્વદેશીકરણનો પ્રારંભ, અન્ય ૯ મેટ્રો તબક્કાવાર ઉમેરાશે

# ગરબાની થીમથી સજ્જ દેશની પહેલી સ્વદેશી મેટ્રો ટ્રેન ગ્યાસપુર ડેપો પહોંચી

## દક્ષિણ કોરિયાની ૩૨ મેટ્રો વચ્ચે હવે સ્વદેશી ટ્રેનની એન્ટ્રી, ગાંધીનગર રૂટ પર દોડશે

। અમદાવાદ ।

કોલકાતાના ટિટાગઢ રેલ સિસ્ટમ્સના અદ્યતન પ્લાન્ટમાં બનેલી ભારતની પ્રથમ સ્વદેશી મેટ્રો ટ્રેન છેલ્લા એક માસથી અમદાવાદમાં મેટ્રોના ગ્યાસપુર ડેપો ખાતે આવી પહોંચી છે. જ્યાં તેનું મેઈન્ટેનન્સ, ટેસ્ટિંગ સહિતની કામગીરી ચાલી રહી છે. 'રિસર્ચ ડિઝાઈન્સ એન્ડ સ્ટાન્ડર્ડ્સ ઓર્ગેનાઈઝેશન' અને 'કમિશનર ઓફ મેટ્રો રેલ સેફ્ટી' દ્વારા આગામી દિવસોમાં તેનું નિરીક્ષણ કરાશે. ત્યાર બાદ આ સ્વદેશી ડ્રાઈવરલેસ મેટ્રોને ટ્રેક પર દોડાવવાની મંજૂરી અપાશે. નવા વર્ષ ૨૦૨૭ના જાન્યુઆરી માસમાં દેશની 'પ્રથમ સ્વદેશી મેટ્રો' મોટેરા સ્ટેડિયમથી મહાત્મા મંદિર સુધીના ગાંધીનગર રૂટ પર દોડતી કરાશે. બાકીની ૯ સ્વદેશી મેટ્રો ટ્રેન પણ તબક્કાવાર અમદાવાદ લવાશે. અમદાવાદ મેટ્રોમાં હવે વિદેશી ટ્રેનોનું પ્રભુત્વ ધીમે ધીમે ઘટી સ્વદેશી મેટ્રોનો દબદબો વધશે. હાલમાં અમદાવાદ-ગાંધીનગર મેટ્રો નેટવર્કમાં દક્ષિણ કોરિયાની ૩૨ મેટ્રો ટ્રેનો દોડી રહી છે. સ્વદેશી મેટ્રો નવરાત્રિના ગરબાના મનમોહક દ્રશ્યોથી મઢવામાં આવી છે. નોંધપાત્ર છે કે ગુજરાતના મુખ્યમંત્રીએ ગત ડિસેમ્બર માસમાં કોલકાતામાં ટિટાગઢ રેલ સિસ્ટમ્સના અદ્યતન પ્લાન્ટની મુલાકાત લઈને આ પ્રથમ સ્વદેશી ટ્રેનનું નિરીક્ષણ કર્યું હતું. સ્વદેશી મેટ્રોની ખાસિયતો ઊર્જા કાર્યક્ષમતા, પર્યાવરણને અનુકૂળ ટેકનોલોજી, આધુનિક સુરક્ષા સુવિધાઓ અને ભારતીય સંસ્કૃતિને પ્રતિબિંબિત કરતી ડિઝાઈન છે. ટ્રેનના નિર્માણમાં ઉચ્ચ ગુણવત્તાના સ્ટેનલેસ સ્ટીલનો ઉપયોગ કરાયો છે. એક ટ્રેન અંદાજે ૩૫ કરોડના ખર્ચે બની છે. આ સ્વદેશી મેટ્રો ૭૫૦ વીડીસી ઓટોમેશન ગ્રેડ-૪ ટ્રેન છે. જે પ્રતિ કલાક ૮૦ થી ૯૦ કિમીની ઝડપે દોડી શકે છે.